વડીલોને વંદન અભિનંદન

નરેન્દ્રભાઈ એમ. શાહ
(૧૯૪૩)મો.૯૮૨૫૭૪૨૧૨૬

સોનજી ગુલાબસિંહ વાઘેલા
(૧૯૪૩)મો. ૯૪૨૬૦૧૭૩૪૮

મનહરલાલ આર. શાહ
(૧૯૪૬)ફોન: ૨૩૨૪૮૦૨૯

લલિતાબેન ઉદયકુમાર પરમાર
(૧૯૫૫)ફોન: ૨૩૨૩૪૬૬૭

વિદ્યાપીઠમાં જ વિદ્યાર્થીઓએ આમરણાંત અનશન શરૂ કર્યા

ગુજરાત વિદ્યાપીઠના ૧૩ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ન બેસવા દેવાય ત્યાં સુધી અનશન ચાલુ રાખવા વિદ્યાર્થીઓ મક્કમ

અમદાવાદ, તા. ૨૫

ગુજરાત વિદ્યાપીઠના સાદરા કેમ્પસ સ્થિત ડિપાર્ટમેન્ટ ઓફ માઈક્રોબાયોલોજી વિભાગમાં બીએસસી-એમએસસી કોર્સના ૧૩ વિદ્યાર્થીઓએ તેમની હાજરી ઓછી હોવાથી પરીક્ષામાં બેસવાથી બાકાત રખાયા હતા. જેને કારણે વિદ્યાર્થીઓ છેલ્લા ચારેક દિવસથી ધરણા કરીને પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે. તેમ છતાં વિદ્યાપીઠના સત્તાવાળાઓએ કોઈ મચક ન આપતા વિદ્યાર્થીઓ આજથી કુલપતિના મુખ્ય કાર્યાલયની સામે જ અનશન શરૂ કરી દીધા છે.

ગાંધીનગર પાસેના ચીલોડા નજીકના સાદરા ખાતે ગુજરાત વિદ્યાપીઠનું કેમ્પસ આવેલ છે. જેમાં ડિપાર્ટમેન્ટ ઓફ માઈક્રોબાયોલોજીમાં બીએસસી, એમએસસી, પીએચડીના અભ્યાસક્રમમાં અમદાવાદ, જૂનાગઢ, સુરત, વલસાડ, સુરેન્દ્રનગર સહિતના શહેરોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે જે અંતર્ગત બીએસસી સેમેસ્ટર ચાર તેમજ એમએસસી સેમેસ્ટર-૨ના કુલ ૧૩ વિદ્યાર્થીઓને દિવાળી પછીની રજાઓનાં કુલ ૧૦થી વધુ રજા લીધી હોવાની તેમનું સત્ર રદ કરાયું હતું. પરીણામે આ સંસ્થાના આશરે ૩૧ જેટલા વિદ્યાર્થીઓએ શનિવારથી રેટિંયો કાંતિને ધરણા પ્રદર્શનના કાર્યક્રમનો પ્રારંભ કર્યો છે. વિદ્યાર્થીઓએ વિદ્યાપીઠના કુલસચિવ રાજેન્દ્ર ખીમાણી સમક્ષ સત્ર રદ કરવાનો નિર્ણય પાછો ખેચીને પરીક્ષામાં બેસવાની મંજુરી આપીને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવા માંગણી કરી હતી. તેમ છતાં વિદ્યાપીઠ સત્તાવાળાઓએ વિદ્યાપીઠ મહાસભાના નિર્ણયને આખરી ગણાવી તેમની માંગણીને ફગાવી દીધી હતી. જેના પગલે આજથી આ વિદ્યાર્થીઓએ કુલપતિ મુખ્ય કાર્યાલયની સામે આમરણાંત અનશન પર ઉતરી ગયા છે.

બનાસકાંઠા જિલ્લામાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલને જાહેર કરાતા જિલ્લાના દલીત ઠાકોર સમાજમાં ભારે વિરોધનો વંટોળ ઉભો થયો છે. આ મુદ્દે પાલનપુર ખાતે એકત્રીત થયેલ સમાજના અગ્રણીઓએ ચૂંટણી બહિષ્કારની ચિમકી ઉચ્ચારી છે. (તસવીર : હરેશ જોષી)

મેઘરજ સરકારી કોલેજના એન. એસ. એસ. યુનિટની સેવા શિબિર યોજાઈ

મુલોજ, તા. ૨૫

મેઘરજ સરકારી આર્ટસ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટના એન.એસ.એસ.ની સેવા શિબિર તાજેતરમાં ભૂતિયા ગામની ભૂતિયા પ્રાથમિક શાળાના સહયોગથી યોજાઈ હતી. જેમાં જાગૃતિ કાર્યક્રમો, સફાઈ અને આરોગ્ય વિશેના કાર્યક્રમોની સાત દિવસીય શિબિર કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા યોજવામાં આવી હતી.

આ સમારોહમાં અધ્યક્ષસ્થાને સરસ્વતી બાલ મંદિર મંડળના પ્રમુખ તથા જીવદયાપ્રેમી નિલેશભાઈ જોષીએ વિદ્યાર્થીઓ અનુરૂપ 'વાર્તા રે વાર્તા ભાભા ઢોર ચારતા'ની સુંદર શૈલીમાં બાળ વાર્તા ઉપરાંત જ્ઞાન સાથે ગમ્મત કરાવી બાળકોને મનોરંજન પુરૂ પાડ્યું હતું. જ્યારે ભરતભાઈ પરમાર, આચાર્ય અશ્વિનભાઈએ યુવાનોની દિશા અને દશા વિશે માર્મિક ટકોર કરી હતી અંતે સ્કૂલના વિદ્યાર્થીઓ તથા એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ પ્રસંગે શિક્ષક મિત્રો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ડૉ. બી.કે. રાઠોડે કર્યુ હતુ.

(તસવીર : વનરાજસિંહ ખાંટ, મુલોજ)

કતપુર ટોલનાકા પાસેથી પ્રાંતિજ પોલીસે, પોણા બે લાખનો વિદેશી દારૂ ઝડપી પાડયો

પોલીસે પોણા આઠ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસેથી બાતમીના આધારે પ્રાંતિજ પોલીસે રાજસ્થાનથી ગુજરાતમાં લવાતો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડયો હતો અને અંદાજે પોણા આઠ લાખનો મુદ્દામાલ કબજે કરી બે શખ્સોની ધરપકડ કરી હતી. આ સંદર્ભે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

માહિતી અનુસાર પ્રાંતિજ પોલીસના પી.આઈ. ભરતભાઈ પટેલને બાતમી મળી હતી કે ૨૪મી માર્ચને સાંજના સમયે રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ભરેલી એક સ્કોડા કાર અમદાવાદ તરફ જઈ રહી છે. જે હકિકતના આધારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પી.આઈ. ભરતભાઈ પટેલ તેમની ટીમ સાથે હિંમતનગર-અમદાવાદ માર્ગ પર પ્રાંતિજ પાસેના કતપુર ટોલનાકા પર વોચ ગોઠવી દીધી હતી. દરમિયાન સાંજના સમયે બાતમીની હકીકતવાળી સ્કોડા કાર આવતા પોલીસે તેની તપાસ કરતા તેમાંથી ૪૪૩ નંગ વિદેશી દારૂની બોટલ તથા ૪૮ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૧,૮૭,૭૬૦નો જથ્થો મળી આવ્યો હતો. ઉપરાંત પોલીસે રૂ. ૬ લાખની કાર અને રૂ. ૨૧૦૦ની કિંમતના ૩ નંગ મોબાઈલ સહિતનો રૂ. ૭,૮૯,૬૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો અને બે ઈસમો ભીમસિંહ કેસરસિંહ રાઠોડ (રહે. બસ્તી, ઉદેપુર-રાજસ્થાન) અને નરેન્દ્રસિંહ નહારસિંહ ચૌહાણ (રહે. પિપલી, તા. ભીમ-રાજસમહ-રાજસ્થાન)ની ધરપકડ કરી બંને વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

"ઈટાલિયન જર્ક" રાઈડથી નગરજનોમાં રોમાંચકતા

અમદાવાદના રમણીય કાંકરીયા તળાવ પાસે નવનિર્મિત એમ્યુઝમેન્ટ પાર્કમાં નવી નવી રાઈડ લગાવવામાં આવી છે. જેનો લોકો રાઈડમાં બેસવાનો લાભ લઈ શકે છે. જેમાં હાલમાં ઈટાલિયન જર્ક નામની એડવેન્ચર્સ રાઈડ નિર્માણ પામી છે. એમ્યુઝમેન્ટ પાર્કમાંતૈયાર કરાયેલી ૨૫ મીટર (૮૨ ફુટ) ઉંચાઈ ધરાવતી ગ્રૂપ ટાવર રાઈડમાં બેસનાર લોકોના જીવ તાળવે ચોંટી જાય તેવા જર્ક સાથે ઉંચાઈએથી નીચે લઈ આવશે. આ રાઈડમાં બેસનાર સાહસ સાથે નગરજનોરોમાંચ માણી શકશે. ગ્રૂપ ટાવરની ટોચ સુધી લઈ જવા માટે ટાવરને ફરતે ૧૨ લોકોની બેઠક વ્યવસ્થા ધરાવતી આ રાઈડમાં હૃદયની બીમારી અને બ્લડપ્રેશના દર્દીઓ વંચિત રહેશે.

પાણીના મુદ્દે સત્તાધારી પક્ષ સદંતર નિષ્ફળ : બદરૂદ્દીન

ઉનાળાની ગરમી અને તે દિવસો દરમ્યાન વધનાર પાણીનો વપરાશને ધ્યાનમાં લઈ પાણીનો પુરવઠો જળવાઈ રહે તેવું આગોતરું આયોજન કરવામાં સત્તાધારી પક્ષ સદંતર નિષ્ફળ રહેલ છે. બીજી બાજુ નગરજનોને પૂરતું પાણી મળતું ન હોવાને લીધે ખાનગી ટેન્કરો દ્વારા પાણી મેળવવું પડે છે. જેને લીધે ખાનગી ટેન્કરો સપ્લાયર્સના ટેન્કરોના ભાવ વધારી દીધા છે. પાણી માટે પ્રજા દ્વારા રજુઆત કરાય છે. પરંતુ સત્તાધારી પક્ષના બહેરા કાને તેની કોઈ અસર નથી. કોટ વિસ્તાર અને પૂર્વના વિસ્તારમાં પાણી સાથે ડ્રેનેજનું ગંદુ પાણી ભળી જવાની ફરીયાદો મોટા પ્રમાણમાં છે. તેમજ જે વિસ્તારમાં પાણીનો સપ્લાય નથી ત્યાં ખાનગી બોર દ્વારા પાણી મેળવવામાં આવે છે.

૨૩૪ ટ્રેન વેકેશન માટે દોડશે : ટિકિટ બુકીંગ શરૂ

ઉનાળુ વેકેશન શરૂ થવાની તૈયારી છે અને ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ મુખ્યત્વે પૂર્ણ થવાના આરે છે. તેથી રેલવે તંત્રએ વેકેશનમાં મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખી વધારાની ટ્રેનો દોડાવવાનું આયોજન કર્યું છે. એપ્રિલથી જૂન સુધી સૌરાષ્ટ્ર મેલ, ઓખા-બાન્દ્રા ટ્રેન સહિતની ૨૩૪ વેકેશન ટ્રેન દોડાવવાનું આયોજન તંત્ર દ્વારા કરાયું છે.

દર ઉનાળાની ઋતુમાં વિદ્યાર્થીઓથી માંડી અન્ય લોકો દેશમાં જુદા-જુદા સ્થળોએ પ્રવાસ કરે છે. ઉનાળામાં મુસાફરોની સંખ્યા વધી જાય છે તેથી રેલવે તંત્ર મુસાફરોની ભીડને પહોંચી વળવા ખાસ વેકેશન ટ્રેનો ચલાવે છે. રેલવે તંત્ર વેકેશન ટ્રેનોમાં ઓખા-બાન્દ્રા, હાપા-રાયપુર, સૌરાષ્ટ્ર મેલ, ભાવનગર-બ્રાન્દ્રા સહિત ૨૩૪ ટ્રેનો દોડાવશે. ઉપરોક્ત ટ્રેનો અઠવાડીયાના અલગ અલગ દિવસે ઉપડશે. ઓખા-બાન્દ્રા દર મંગળવાર અને ગુરૂવારે ઉપડશે. હાપા-રાયપુર ટ્રેન મંગળવાર અને ગુરૂવારે ઉપડશે. ભાવનગર બાન્દ્રા દર રવિવારે ઉપડશે. આ ટ્રેનોની સંખ્યા પણ વધારે છે જેનાથી મુસાફરોના ઘસારાને પહોંચી શકાશે.

ખેડબ્રહ્મા તાલુકામાં હોળી ધૂળેટીના તહેવારો બાદ ઘઉંની કાપણી અને લણણીનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે છેલ્લા કેટલાક દિવસોથી ખેડૂતો ઘઉં અને અનાજ વેચવા માટે ખેડબ્રહ્મા માર્કેટયાર્ડમાં આવવાના શરુ થઈ ગયા છે. મંગળવારના રોજ એક દિવસમાં જ ઘઉં, એરંડા, ચણા સહિતના અન્ય ધાન મળી કુલ ૧૭૦૦ બોરીની આવક થઈ હતી. જેના કારણે માર્કેટયાર્ડમાં ખેડૂતોના ટ્રેકટર અને અન્ય વાહનોથી ભરચક થઈ ગયું હતું. આ અંગે માર્કેટ યાર્ડના ચેરમેન જસુભાઈ જે. પટેલ, વાઈસ ચેરમેન અનિલભાઈ ઠાકર અને સેક્રેટરી ડી.પી. દેવડાએ આ વર્ષે ખેડબ્રહ્મા તાલુકામાં મોટા પ્રમાણમાં ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું હતું અને ઘઉંનું ઉત્પાદન પણ મોટા પ્રમાણમાં થયું છે તેમ જણાવ્યું હતું. ઉપરાંત માર્કેટમાં એક જ દિવસમાં ઘઉં ૮૦૦ બોરી, એરંડા ૫૦૦ બોરી, ચણા તુવેર વગેરે મળી કુલ ૧૭૦૦ બોરીની આવક થવા પામી છે અને આવનાર દિવસોમાં પણ મોટા પ્રમાણમાં આવક થશે તેમ પણ ઉમેર્યું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ)

શબ્દાવલી - ૫૩૪૮

૧	૨		૩	■	૪	૫	૬
૭		■	૮				
૯		૧૦	■	■	■	૧૧	
	■	૧૨		૧૩	૧૪	■	
૧૫	૧૬		■	૧૭			
૧૮		■	■	૧૯			■
■	૨૦	૨૧		■	૨૨	૨૩	૨૪
૨૫			■	૨૬			

આડી ચાવી

૧. મંજુરી, લાયસન્સ (૪)
૪. ખટમલ, જંતુ (૩)
૭. લણી, ગુંદર (૨)
૮. કમનશીબ (૫)
૯. કલાકાર, કસબ-હુન્નર (૩)
૧૧. શંકા, વ્હેમ (૨)
૧૨. મનથી થયેલ રોગ (૪)
૧૫. વિમાન-વહાણની દિશા નક્કી કરતું સાધન (૩)
૧૭. મળી, જડવું (૨)
૧૮. મમ્મીના ભાઇ... થાય (૨)
૧૯. નવું (હિન્દીમાં)
૨૦. મીલકટીયું, ડબ્બા જેવું વાસણ (૩)
૨૨. પ્રેમ કે હેત ચાખનારી સ્ત્રી (૩)
૨૫. નાની ડાળ, ઝાખની શાખા (૩)
૨૬. ઠામઠેકાણું (૪)

ઊભી ચાવી

૧. આંખના પલકારામાં (૬)
૨. ધનવાન (૩)
૩. પહોળું નગારા જેવું વાસણ (૩)
૪. સન્માન (૨)
૫. અનુભવ, યાદ પહોંચી હોય તેવું (૩)
૬. પીધેલા વાસણની બોળાબોળ (૫)
૧૦. રોગી, માંદુ (૨)
૧૩. ઋતુ, મોસમ (૩)
૧૪. ચણવાનું કામ (૫)
૧૬. હાલકડોલક (૪)
૨૧. લખાણ, મેં તમને ચિઠ્ઠી... છે. (૨)
૨૩. ગળ્યા (૨)
૨૪. નિયમ (૨)

શબ્દાવલી ૫૩૪૭ના જવાબ

આડી ચાવી :- (૧) સદ્યબહાર (૫) માફ (૭) ત્યકતા (૮) ફુલઝડી (૯) તડબુચ (૧૧) મદ્ય (૧૨) તર (૧૩) કાકડી (૧૪) નીર (૧૫) ભલા (૧૬) વનીતા (૧૯) સલીલ (૨૦) રામજી (૨૧) કામવા (૨૨) યાતના (૨૩) રક્ત

ઊભી ચાવી :- (૧) સત્ય (૨) દ્યકતર (૩) બતાડ (૪) રફુચકર (૫) માઝમ (૬) ફરીદ્યજલાલ (૧૦) બુકાની (૧૨) તરવરાટ (૧૫) ભલીવાર (૧૭) નીમ (૧૮) તાજીયા (૧૯) સમ (૨૧) કાના

જીટીયુ દ્વારા પ્રયત્નો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એન્જીનીયરીંગ શાખામાં પ્રવેશ મળી રહે તે માટેની મંજુરી આપવાનો નિર્ણય લીધો હતો, જેના ભાગરૂપે આશરે ૩૦૦૦ વિદ્યાર્થીઓને ડિપ્લોમા એન્જિનીયરીંગમાં સીધો પ્રવેશ અપાયો હતો. જો કે આઈટીઆઈ થયેલા ઉમેદવારોને ડિપ્લોમા એન્જિનીયરીંગનો કોર્સ ટફ લાગતા કે પરીક્ષામાં નાપાસ થવાને કારણે આશરે ૨૪૦૦ વિદ્યાર્થીઓ ડિપ્લોમાનો કોર્સ પૂર્ણ કરી શક્યા નહોતા, જેથી ડિપ્લોમા એન્જીનીયરીંગ શાખામાં નોંધપાત્ર પ્રમાણમાં ડ્રોપઆઉટ રેશિયો જોવા મળ્યો હતો. જીટીયુના સત્તાવાળા એવા તારણ પર આવ્યા હતા કે, ડિપ્લોમાના ફર્સ્ટ અને સેકન્ડ સેમેસ્ટરનો કોર્સ વિદ્યાર્થીઓ ભણ્યા ન હોવાથી તેમને થર્ડ સેમેસ્ટર ટફ લાગે છે. આ બાબતને કેન્દ્રમાં રાખીને બીઓજીની બેઠકમાં મંજુરી લીધા બાદ ઓનલાઈન બ્લેન્ડેડ કોર્સ ડિઝાઈન કરવા માટેના ચક્રો ગતિમાન કરાયા છે.

આ અંગે જીટીયુના કાર્યકારી રજિસ્ટ્રાર જીપી વડોદરીયાએ જણાવ્યું હતું કે આઈટીઆઈમાંથી ડિપ્લોમા એન્જીનીયરીંગના થર્ડ સેમેસ્ટરમાં સીધો પ્રવેશ લેતા વિદ્યાર્થીઓમાં ગયા વર્ષે ડ્રોપઆઉટ રેશિયો વધ્યો હતો, જેને ધ્યાનમાં રાખી બ્લેન્ડેડ કોર્સ ડિઝાઈન કરાશે. નિષ્ણાંતો દ્વારા આ ઓનલાઈન કોર્સનું મટીરીયલ તૈયાર કરવા માટેની તૈયારી ચાલી રહી છે.

વિદ્યાર્થીઓ નાપાસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન કરવાની વિદ્યાર્થીઓને ફરજ પડશે. આ કોલેજની છ મુખ્ય વિદ્યાશાખા કોમ્પ્યુટર, સીવીલ, મીકેનીકલ, આઈ.ટી., ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને નાપાસ ઘોષિત કરવામાં આવ્યા છે. યુનિ.ના કુલપતિ શ્રી અક્ષય અગ્રવાલે વિદ્યાર્થીઓની રજુઆત સાંભળી રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ અન્વયે પણ ઉત્તરવહીની વિગતો માંગવાનો અધિકાર છે. અને તેમાં બધી જ વિગતો અપાશે તેવી હૈયાધારણ પણ આપી હતી.

ગાંધીનગર જિલ્લામાં ૧ પથી વધુ એન્જીનીયરીંગ કોલેજો છે. ઘણી બધી કોલેજોના પરિણામો નિરાશાજનક આવ્યા હોવાથી વિદ્યાર્થીઓમાં પરિણામે લઈ ઉગ્ર રોષ પ્રવર્તી રહ્યોછે. જી.ટી.યુ.ના આ વખતના પરિણામમાં ભારે ગોટાળા થયા હોવાનો આક્ષેપ પણ વિદ્યાર્થીઓ કરી રહ્યા છે.

મારો સંકલ્પ પત્ર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહામંત્રીશ્રીઓ તથા ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ સહિત શહેર સંગઠનના અનેક અગ્રણી હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. એરપોર્ટ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને શ્રી પરેશ રાવલે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યાર બાદ એરપોર્ટ ચાર રસ્તા ખાતે કાર્યકરો તથા પ્રજાજનો દ્વારા શ્રી પરેશ રાવલનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં ઉદ્‌બોધન કરતા શ્રી આઈ.કે. જાડેજાએ અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકના ઉમેદવારશ્રી પરેશ રાવલનું ઉષ્માભેર સ્વાગત કરવા માટે કાર્યકરોનો પક્ષ વતી હૃદયપૂર્વકનો આભાર માન્યો હતો. શ્રી પરેશ રાવલે કાર્યકરોની વિશાળ જનમેદનીને સંબોધન કરતા જણાવ્યું હતું કે, હું ગુજરાતી છુ અને ગુજરાતી હોવાનો મને ગર્વ છે. કાર્યકરોના સહકાર વિના કોઈપણ વ્યક્તિ નેતા બની શકે નહીં. અમદાવાદ પૂર્વ વિસ્તારના તમામ નાગરિકોનેતેમણેખાત્રી આપતા જણાવ્યુંહતુંકેચૂંટણીમાંવિજયી બન્યા પછી પણ હુ તમારી વચ્ચે જ રહેવાનોછું. તમારી સેવા માટે હુંહંમેશા હાજર રહીશ. ચૂંટણી પછી મારા મતવિસ્તારના નાગરિકોની સેવા કરવી મારોજીવનમંત્ર બની રહેશે. આવનારી લોકસભાની ચૂંટણીઓમાં ગુજરાતના ગૌરવસમા આદરણીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનેપ્રધાનમંત્રી બનાવવા એ આપણા સૌનો સંકલ્પમંત્ર બની રહેવો જોઈએ. કાર્યકરોની સેવા માટે હંમેશા તત્પર રહેવા માટે તેમણે વચન આપ્યું હતું.

શ્રી પરેશ રાવલના કાર્યકરો તથા પ્રજાજનો સાથે સીધો તાદાત્મય સાધતા વક્તવ્યને હાજર જનમેદનીએ ઉમળકાભેર તાલીઓના ગડગડાટ અને પુષ્પવર્ષાથી સહર્ષ વધાવી લીધું હતું.

અંધારપટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ મામલે વસાહતીઓની રજૂઆત પણ કોઈ સાંભળતુ નથી. સેક્ટરોની ઈન્ક્વાયરી કચેરીઓ પણ ખાનગી એજન્સીઓના હવાલે કરવામાં આવી રહી છે ત્યારે કર્મચારીઓને જરૂરી સુવિધા ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરવા પણ રજૂઆતમાં જણાવાયું છે.

(તસવીર : હરેશ જોશી)
પાલનપુરના રોટરી હોલ ખાતે નરસિંહભાઈ પટેલ ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ તથા ઈનરવ્હીલ કલબ પાલનપુર દ્વારા ડેન્ટલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ૧૫૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. કેમ્પમાં સંયુકતાબેન મહેતા, મધુરીબેન મહેતા, સુરેખાબેન શાહ, પ્રવિણાબેન સહિતની ટીમે સેવાઓ આપી હતી.

એલાને જંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અરવિંદ કેજરીવાલે પોતાની રેલી દરમિયાન ભાજપના પીએમ પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, તેઓ મોદીના વિરુદ્ધમાં વારાણસીથી ચુંટણી લડશે. તેમજ તેઓ જનતાના પૈસાથી લોકસભાની ચુંટણી લડશે. પોતાના ભાષણ દરમિયાન કેજરીવાલે નરેન્દ્ર મોદીને પડકાર આપ્યો કે, તેઓ વારાણસીમાં તેમની સાથે ચર્ચામાં ઉતરશે. કેજરીવાલે પોતાના સંબોધનમાં ઉદ્યોગપતિને પણ છોડ્યા ન હતા અને કહ્યું કે, વારાણસીના લોકો જો મોદીને પસંદ કરશે તો તે ખેડુતોની તમામ જમીન ઉદ્યોગજગતના મુકેશ અંબાણી તથા અદાણીને આપી દેશે. મોદી વારાણસીના નાના ઉદ્યોગોનુ પતન કરી નાંખશે. કેજરીવાલે મોદીની સાથે-સાથે કોંગ્રેસના રાહુલ ગાંધી પર પણ પ્રહારો કર્યા હતા અને કહ્યું કે, બન્ને મુકેશ અંબાણીના નિકટ છે અને તેમની સાથે મળેલા છે. કેજરીવાલે કહ્યું કે, રાહુલ અને મોદી બન્ને અદાણી અને અંબાણીના એજન્ટ છે. બન્નેએ અંબાણી અને અદાણીના હેલીકોપ્ટરમાં ફર્યા કરે છે. આ દેશ તો મુકેશ અંબાણી જેવા ઉદ્યોગપતિઓ ચલાવે છે. પોતાના ભાષણ દરમિયાન તેમણે ગેસના ભાવ વધારા અંગે પણ વિરોધ દર્શાવતા કહ્યું કે, મોદીએ ગેસને લઈને મેં લખેલી ચિઠ્ઠીનો કોઈ જવાબ આપ્યો નથી. ભાજપ અને કોંગ્રેસ ગેસના ભાવ પર ચુપ છે. એક એપ્રિલથી ગેસના ભાવમાં વધારો થવાનો હતો પરંતુ ચુંટણી પંચના કારણે ગેસના ભાવમાં વધારો કરવામાં આવ્યો નથી અને જો ગેસના ભાવમાં વધારો કરાયો હોત તો ખાવા-પીવાથી લઈ તમામ વસ્તુના ભાવમાં વધારો થઈ જતો. કેજરીવાલે પોતાની રેલી દરમિયાન લોકોને અપીલ કરી કે આ વખતે ચુંટણીમાં તેઓ નરેન્દ્ર મોદી અને રાહુલને હરાવી દેશે તો એક નવી ક્રાંતિનો જન્મ થશે.

મોદી સામે મધુસુદન મિસ્ત્રી

● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રી રાવતે કાર્યકરોની પસંદગીના ઉમેદવાર તરીકે પોતે વિજયી થયા હતા પરંતુ પક્ષ દ્વારા કોઈ અન્ય મજબુત ઉમેદવારને મેદાનમાં ઉતારી શ્રી મોદીને લડત આપવામાં આવે તેવી લાગણી વ્યકત કરી છે.

કોંગ્રેસના ગુજરાત એકમના વરિષ્ટો હાલ દિલ્હીમાં છે અને કાલ સાંજ સુધીમાં બાકી રહેલ પાંચ બેઠકો તેમજ શ્રી રાવતની બેઠક અને વિધાનસભાની સાત બેઠકોની પેટા ચૂંટણી માટેના ઉમેદવારોની પસંદગી બાદ ઘોષણા કરે તેમ મનાઈ રહ્યું છે.

કોંગ્રેસના અંતર્ગત સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બે થીચાર બેઠકો પર ઉમેદવારોને લઈ અગાઉના નિર્ણયમાં ફેરફાર કરવામાં આવે તેવી શકયતાઓ પણ છે.